# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર–૧૦–એ, છ–૩“પરિણામ” સર્કલ પાસે,“છ”રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦**
**ફોન નં– (૦૭૯)–૨૩૨–૫૮૯૮૦ WebSite : https://gpsc.gujarat.gov.in**

**ઈએક્સ–૨ શાખા**

**જાહેરાત ક્રમાંક :૨૭/૨૦૨૫–૨૬, રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ–૩** સંવર્ગની નીચે દર્શાવેલ **કુલ–૩૨૩** જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે Online અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in પર તા.0૩/૧૦/૨૦૨૫ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૧૭/૧૦/૨૦૨૫(રાત્રિના ૧૧:૫૯ કલાક) સુધીમાં અરજી કરવાની રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

**નોંધ :** (૧) આ જગ્યાઓ માટે પ્રાથમિક કસોટી (Preliminary Test) સંભવત : ૦૪/૦૧/૨૦૨૬ના રોજ યોજવામાં આવશે.
(૨) મુખ્ય પરીક્ષા(Mains Examination) સંભવત: ૨૨ થી ૨૪ માર્ચ,૨૦૨૬માં યોજવામા આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | દિવ્યાંગ | માજી સૈનિક |
| રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ–૩ | ૩૨૩ | ૧૩૯ | ૨૫ | ૮૫ | ૨૩ | ૫૧ | ૪૬ | ૦૮ | ૨૯ | ૦૭ | ૧૬ | ૧૩ | ૩૨ |

**નોંધ: પ્રસ્તુત જાહેરાતમાં અરજી કરનાર ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ પ્રાથમિક કસોટીમાં હાજર રહેવા ઉમેદવારો પાસેથી “CONSENT FORM” સાથે “CONSENT DEPOSIT” લેવામાં આવશે.**

## ૧. દિવ્યાંગ ઉમેદવારો માટે :–

(૧) ઉપરોક્ત જગ્યાઓ માટે નીચે દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર | અનામત રાખવામાં આવેલ જગ્યાની સંખ્યા | ભરતી પ્રસંગ |
|---|---|---|---|---|
| A | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | LV-Low Vision (40-70%) | ૦૪ | બીજો |
| B | બધિર અને ઓછું સાંભળનાર | D-Deaf, HH-Hard of Hearing | ૦૩ | |
| C | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | OA-One Arm, BA-Both Arms, OL-One Leg, BL-Both Legs, OAL-One Arm One Leg, CP-Cerebral Palsy, LC-Leprosy Cured, Dw-Dwarfism, AAV-Acid Attack Victim, SD-Spinal Deformity, SI-Spinal Injury | ૦૩ | |
| D | સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | ASD (M-Mild, MoD-Moderate)-Autism Spectrum Disorder, MI- Mental Illness (40-70%) | ૦૨ | |
| E | બહેરાશ–અંધત્વ સહિતની કોલમ (A) થી (D) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ | MD-Multiple Disabilities (40-70%) | ૦૧ | |

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશે :

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી,

(૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ–૧૦૨૦૦૮–૪૬૯૫૪૦–ગ–૨ તેમજ સામાન્ય વહીવટ વિભાગના વખતોવખત થયેલા ઠરાવો/પરિપત્રો/હુકમોથી નિયત થયેલ નમૂનામાં અથવા રાજ્ય સરકાર કે ભારત સરકારે આ હેતુ માટે માન્ય કર્યા મુજબ સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(૨) દિવ્યાંગ તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/અનુ.જાતિ/અનુ.જનજાતિ/સા.શૈ.પ.વર્ગ/આ.પ.વર્ગ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્ર. સીઆરઆર–૧૦૨૦૦૧૭–૧૨૨૬૩૯–ગ.૨ ની જોગવાઇ તેમજ તેમાં વખતોવખત થયેલ સુધારા મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર રહેશે.

**(૪)પ્રાથમિક પરીક્ષા/મુખ્ય પરીક્ષામાં વળતર સમય તેમજ લહિયાની સુવિધા મેળવવા માંગતા ઉમેદવારોએ આ માટે અરજી કરવાની કાર્યવાહી બાબતે આયોગ દ્વારા પ્રાથમિક પરીક્ષા/મુખ્ય પરીક્ષા પહેલાં અગત્યની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવશે. જે અનુસાર ઉમેદવારોએ અલગથી અરજી કરવાની રહેશે.**

**૨. વયમર્યાદા :–**

(૧) અરજી કરવાની છેલ્લી તારીખ અર્થાત તારીખ ૧૭/૧૦/૨૦૨૫ ના રોજ ઉમેદવારે ૨૦ (વીસ) વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઇએ અને ૩૫ (પાંત્રીસ) વર્ષ પૂરા કરેલ ન હોવા જોઇએ. ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

(૨) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | "For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit" |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

* અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

**૩. શૈક્ષણિક લાયકાત :–**

(i) Possess a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by the Government;

A candidate who has appeared or intends to appear or awaiting the result of the final semester/year of the required qualification, can apply, but the candidate has to qualify and submit the required qualification as advertised before the last date of submitting the application for mains examination. A Candidate who fails to produce the proof of passing the Bachelor's degree Examination shall not be eligible for admission to Mains Examination.

(ii) Possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967;

(iii) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

**૪. પગાર ધોરણ :–**

નાણા વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ–૪/ઝ.૧ મુજબ **રૂ. ૪૯,૬૦૦/–ના માસિક ફિક્સ પગારથી પાંચ વર્ષ માટે** તેમજ નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ અને તા.૧૬/૧૦/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : ખરચ–૨૦૦૨–૫૭–(પાર્ટ–૩)–ઝ.૧ ની શરતો અને બોલીઓને આધિન નિમણૂક આપવામાં આવશે. ઉમેદવારે **પાંચ વર્ષ સંતોષકારક સેવા પૂર્ણ કર્યા પછી રૂ.૩૯,૯૦૦/– થી રૂ.૧,૨૬,૬૦૦/– પે મેટ્રીક્સના લેવલ–૭** ના પગારધોરણમાં નિયમિત નિમણૂક મળવાપાત્ર થશે.

**૫. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :–**

આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.

(૧) પ્રાથમિક કસોટી (Preliminary Test)નું હેતુલક્ષી પ્રકારનું સામાન્ય અભ્યાસનું પ્રશ્નપત્ર ૨૦૦ ગુણ અને ૨ કલાકના સમય માટે રહેશે.

(૨) અંધ ઉમેદવારોને પ્રાથમિક અને મુખ્ય લેખિત પરીક્ષામાં પેપર દીઠ પ્રતિ કલાકે ૨૦ મિનિટનો વળતર સમય (Compensetory Time) આપવામાં આવશે. જેની મંજૂરી પરીક્ષા અગાઉ આયોગ પાસેથી લેવાની રહેશે.

(૩) મુખ્ય લેખિત પરીક્ષાના અભ્યાસક્રમમાં કુલ–૪ પેપર રહેશે.

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર–૧ | ગુજરાતી ભાષા | ૧૦૦ ગુણ | ૩:૦૦ કલાક |
| પ્રશ્નપત્ર–૨ | અંગ્રેજી ભાષા | ૧૦૦ ગુણ | ૩:૦૦ કલાક |
| પ્રશ્નપત્ર–૩ | સામાન્ય અભ્યાસ–૧ | ૧૦૦ ગુણ | ૩:૦૦ કલાક |
| પ્રશ્નપત્ર–૪ | સામાન્ય અભ્યાસ–૨ | ૧૦૦ ગુણ | ૩:૦૦ કલાક |

પેપર–૧ અને પેપર–૨ ના પ્રશ્નપત્રનું સ્તર ધોરણ–૧૨(ઉચ્ચતર કક્ષા)નું રહેશે તથા પેપર–૩ તથા પેપર–૪ ના પ્રશ્નપત્રોનું સ્તર સ્નાતક કક્ષાનું રહેશે. પ્રત્યેક પેપર દીઠ સમય ૩ કલાકનો રહેશે. Preliminary Test (પ્રાથમિક કસોટી)માં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે કેટેગરીવાઈઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા જાહેરાતમાં દર્શાવેલ જગ્યાનાં આશરે છ ગણા ઉમેદવારોને જ મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. પ્રાથમિક કસોટી તથા મુખ્ય લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રનો વિગતવાર અભ્યાસક્રમ આયોગની વેબસાઈટ પર અલગથી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૪) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવેલ ઉમેદવારોએ તમામ ૪ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવું ફરજિયાત છે. જો કોઈ ઉમેદવાર એક કે તેથી વધુ પ્રશ્નપત્રમાં ગેરહાજર રહેશે તો તેને પસંદગી માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

(૫) Preliminary Test (પ્રાથમિક કસોટી)માં ઉમેદવારને કોમ્પ્યુટરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી [O.M.R Answer Sheet] આપવામાં આવશે. પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી હશે. દરેક પ્રશ્નના જવાબમાં A,B,C,D અને E એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે. પાંચમો વિકલ્પ E 'Not attempted' તરીકેનો રહેશે. જો ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઇચ્છતા હોય તો આ વિકલ્પ E પસંદ કરી શકશે.

(૧) ઉમેદવારે જે પ્રશ્નના જવાબ માટે જો પાંચમો વિકલ્પ E 'Not attempted' એનકોડ કરેલ હશે તો તે પ્રશ્નના "શૂન્ય " ગુણ ગણાશે અને તે પ્રશ્ન માટે કોઈ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી [O.M.R Answer Sheet]માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A,B,C,D કે E ના વર્તુળને

પૂરેપૂરું બ્લુ/કાળી શાહીની બોલ પેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈપણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહીં અને આપોઆપ શૂન્ય ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહીં.

(૨) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહીં.

(૩) આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એક થી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ કુલ મેળવેલ ગુણમાંથી બાદ કરવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

(૪) ઉમેદવાર દ્વારા જવાબવહી [O.M.R Answer Sheet]માં જો બેઠક નંબર/પ્રશ્ન પુસ્તિકા નંબર કે પ્રશ્ન પુસ્તિકા સિરિઝ ખોટા લખવામાં આવશે કે આ બાબતે કોઈ પણ ક્ષતિ આચરવામાં આવશે તો તેવી જવાબવહીઓ તપાસવામાં આવશે નહીં. અને આવા પ્રકારની ક્ષતિઓ પરત્વે જો જવાબવહી તપાસ્યા બાદ પણ ક્ષતિઓ/અપૂર્ણતાઓ ધ્યાને આવશે તો તેવા ઉમેદવારને માત્ર આવા કારણોસર પણ અસફળ જાહેર કરવામાં આવશે. જે અંગે પાછળથી કોઈ રજૂઆત/વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી તમામ ઉમેદવારોને O.M.R Answer Sheet માં ભરવાની થતી વિગતો સંપૂર્ણપણે યોગ્ય રીતે ભરવા અને એનકોડ [Encode] કરવા પૂરતી ચીવટ અને કાળજી રાખવા ખાસ સૂચના આપવામાં આવે છે.

(૫) કોઈ ઉમેદવાર દ્વારા અરજીપત્રકમાં માન્ય રમત-ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ છે તેવી વિગત દર્શાવેલ હશે અને પાછળથી આ વિગત શરતચૂકથી દર્શાવેલ હતી કે તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરી શકે તેમ નથી તેવી રજૂઆત મળશે તો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં અને જો ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ હશે તો તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે નહીં. જેથી ઉમેદવારને આ અંગે અંગત કાળજી રાખવા સૂચના આપવામાં આવે છે.

(૬) પ્રાથમિક કસોટી (Preliminary Test)માં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. આખરી પરિણામ માત્ર મુખ્ય લેખિત પરિક્ષાના આધારે નિયત કરવામાં આવશે.

(૭) પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. સિવાય કે, મુખ્ય લેખિત પરીક્ષાના પેપર નં.૨ (અંગ્રેજી) નું માધ્યમ બધા ઉમેદવારો માટે અંગ્રેજી રહેશે.

**૬. <u>પરીક્ષામાં પ્રવેશ</u> :-**

**(૧) જે ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે CONSENT FORM સાથે CONSENT DEPOSIT ભરેલ હશે અને CONSENT DEPOSIT ભર્યા અંગેની Receipt હશે તેવા ઉમેદવારોને જ પ્રાથમિક કસોટીમાં પ્રવેશપત્ર આપવામાં આવશે.**

(૨) જે ઉમેદવારોને પ્રાથમિક કસોટી (Preliminary Test)ના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેઓએ મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી બીજું અરજીપત્રક ઓનલાઈન ભરવાનું રહેશે. જેની સાથે જરૂરી પ્રમાણપત્રો Scan કરીને ઉમેદવારે આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર Upload કરવાના રહેશે.

(૩) ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો, પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈઓ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં આવી ચકાસણી જો મુખ્ય લેખિત પરીક્ષા બાદ કરવામાં આવે તો તેવી ચકાસણી અનુસાર જરૂરી જોગવાઈ ન સંતોષતા ઉમેદવારોની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ્ કરવામાં આવશે. તેની ઉમેદવારોએ અચૂક નોંધ લેવી.

(૪) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈ પણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**૭. <u>પરીક્ષા કેન્દ્રોની વિગત</u> :-**

(૧) પ્રાથમિક પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને આયોગ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવાની રહેશે. મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: અમદાવાદ/ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

(૨) પ્રાથમિક પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ઉપર મૂકવામાં આવશે અને પ્રાથમિક પરીક્ષા માટેના પ્રવેશપત્ર https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે.

(૩) ઉમેદવારોએ પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય લેખિત પરીક્ષામાં સ્વ ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

**૮. પરિણામ :–**

(૧) આખરી પરિણામ આયોગના નોટિસ બોર્ડ અને વેબસાઈટ પર મૂકવામાં આવશે.

(૨) આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક, મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે.

(૩) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણની વિગતો આપવામાં આવશે.

**૯. પ્રતિક્ષાયાદી :–**

(૧) પ્રસ્તુત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાની સંખ્યાના ૨૦% લેખે પ્રતિક્ષાયાદી બનાવવામાં આવશે. પ્રતિક્ષાયાદીની મુદ્દત, આ સંબંધમાં સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ લાગુ પડતા હુકમ અનુસાર રહેશે.

**૧૦. ગુણપત્રક (Marksheet) :–**

મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના આખરી પરિણામ બાદ આયોગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

**૧૧. ગુણની પુન:ચકાસણી :–**

(૧) જે ઉમેદવાર મુખ્ય લેખિત પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય લેખિત પરીક્ષાના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપર દીઠ અલગ અલગ અરજી કરી શકશે.

(૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે.

(૩) ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ.(Indian Postal Order) દ્વારા કચેરીના કાઉન્ટર પર અથવા આયોગ નિયત કરે તે મુજબ સ્વીકારવામાં આવશે.

(૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ.(Indian Postal Order) મોકલવાનો રહેશે.

(૫) ઉત્તરવહીઓનું પુન:મૂલ્યાંકન (Revaluation) ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહીં.

(૬) ગુણની પુન:ચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહીં.

**૧૨. અગત્યની સૂચના :–**

(૧) ઉમેદવારને પોતાની સાથે સેલ્યુલર ફોન, ટેબ્લેટ, પેજર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશાવ્યવહારના ઈલેક્ટ્રોનિક્સ –બ્લ્યુટુથ વગેરે સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવારો માટે નિર્દિષ્ટ કરાયેલ શિક્ષાને પાત્ર બનશે.

(૨) ઉમેદવાર પ્રાથમિક કસોટી (Preliminary Test)માં તથા મુખ્ય લેખિત પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહીં.

(૩) અંધ ઉમેદવારને જે લહિયો મળવાપાત્ર છે તે લહિયાની શૈક્ષણિક લાયકાત સંબંધિત જાહેરાતની લાયકાત કરતાં એક સ્તર નીચેની હોવી જરૂરી છે, એટલે કે જાહેરાત મુજબની શૈક્ષણિક લાયકાત અનુસ્નાતક હોય તો સ્નાતક કક્ષાના અને સ્નાતક હોય તો એચ.એસ.સી. (૧૦+૨)ની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ હોય તેવી વ્યક્તિ લહિયા તરીકે રાખી શકાશે.

(૪) અંધ ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત–(૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની ઝેરોક્ષ નકલ આયોગને પરીક્ષા અગાઉ મોકલી આપવાની રહેશે અને તેની આયોગના ધારાધોરણ પ્રમાણે મંજૂરી મળ્યાની તેઓને જાણ કરવામાં આવશે.

(૫) લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાક દીઠ ૨૦ મિનિટનો વળતર સમય (Compensatory Time) મળવાપાત્ર રહેશે.

(૬) **પ્રાથમિક પરીક્ષા/મુખ્ય પરીક્ષામાં વળતર સમય તેમજ લહિયાની સુવિધા મેળવવા માંગતા ઉમેદવારોએ આ માટે અરજી કરવાની કાર્યવાહી બાબતે આયોગ દ્વારા પ્રાથમિક પરીક્ષા/મુખ્ય પરીક્ષા પહેલાં અગત્યની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવશે. જે અનુસાર ઉમેદવારોએ અલગથી અરજી કરવાની રહેશે**

(૭) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમોને જાહેરાતની જોગવાઈ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

## **૧૩. સામાન્ય શરતો :–**

(૧) અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ. વર્ગના ઉમેદવારોને જ મળશે.

(૨) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં કોઈ પણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

(૪) ગુજરાત સરકારના કર્મચારી આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની આયોગને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૫) એથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઈટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઈક્લિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો–ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમૂનામાં જરૂરી પ્રમાણપત્ર આયોગ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આ પ્રમાણપત્ર સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૦૭૭–૨૬૬૦–ગ–૨ થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નમૂનામાં હશે નહીં તો, વધારાના ગુણનો લાભ મળવાપાત્ર થશે નહીં.

જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતાં વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**નોંધ ૧ :** જાહેરાતની જોગવાઇઓના અર્થઘટન અને ભરતી પ્રક્રિયા બાબતે જગ્યાનાં ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઇઓ આખરી રહેશે.

**નોંધ ૨ :** ઉપરોક્ત રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ–૩ સંવર્ગની જગ્યાનાં ભરતી નિયમો, પરીક્ષા નિયમો તથા પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ–'અ' અને પરિશિષ્ટ–ક/પરિશિષ્ટ–જ, Annexure KH/પરિશિષ્ટ–ગ નો નમૂનો, દિવ્યાંગ ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના–વાંધા પ્રમાણપત્રનો નમૂનો, રમત ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની વેબસાઇટ https:// gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯–૨૩૨૫૮૯૮૦ પરથી મળી શકશે.

**સહી/–**
(નસીમ મોદન )
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**Advt. No.27/2025-26** **Ex-2 Branch**

Online Applications are invited from Dt.03/10/2025 (13:00 hours) to Dt.17/10/2025 (23:59 hours) for the following **323 Posts of State Tax Inspector, Class-3**. The reservation for E.W.S., S.E.B.C., S.C., S.T. & Women candidates is as under. In case of non–availability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

**Note:-** (1) Tentative Date of Preliminary Test: 04/01/2026
(2) Tentative Date of Mains Examination: 22 to 24th March,2026

| Name of Post | Total Posts | Category wise Posts | | | | | Out of Category wise posts reserved for women | | | | | Post reserved out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | Gen. | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | PwD | Ex. Ser |
| State Tax Inspector, Class-3 | 323 | 139 | 25 | 85 | 23 | 51 | 46 | 08 | 29 | 07 | 16 | 13 | 32 |

**Note:-**

**(1) Considering the number of candidates applying in the present advertisement, a "CONSENT FORM" along with a "CONSENT DEPOSIT" will be taken from the candidates to appear in the preliminary test.**

**(2) Only those candidates who have filled the CONSENT DEPOSIT along with the CONSENT FORM for the preliminary test and have a receipt for paying the CONSENT DEPOSIT will be given an admit card for the preliminary test.**

**For Persons with Disabilities :–**

| Sr. No. | Disability | Type of Disability | Number Of Reserved Posts | Recruitment event |
|---|---|---|---|---|
| 1 | Blind/Low Vision | LV-Low Vision (40-70%) | 04 | Second |
| 2 | Hard of Hearing | D-Deaf, HH-Hard of Hearing | 03 | |
| 3 | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | OA-One Arm, BA-Both Arms, OL-One Leg, BL- Both Legs, OAL-One Arm One Leg, CP-Cerebral Palsy, LC-Leprosy Cured, Dw-Dwarfism, AAV-Acid Attack Victim, SD-Spinal Deformity, SI-Spinal Injury | 03 | |
| 4 | Autism, Specific Learning Disability and Mental illness | ASD (M-Mild, MoD-Moderate)-Autism Spectrum Disorder, MI- Mental Illness (40-70%) | 02 | |
| 5 | Multiple Disabilities from amongst persons under group (1) to (4) including Low Vision- Hard of Hearing | MD-Multiple Disabilities (40-70%) | 01 | |

The candidates possessing other than the prescribed physical disability are not eligible to apply.

**Note** :

(1)The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

**(2) The Commission will publish an important announcement before the preliminary examination/main examination regarding the procedure for candidates seeking compensation time and scribe facility in the preliminary examination/main examination. Accordingly, candidates will have to apply separately.**

**Education Qualification** :-

(1) Possess a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by the Government;

A candidate who has appeared or intends to appear or awaiting the result of the final semester/year of the required qualification, can apply, but the candidate has to qualify and submit the required qualification as advertised before the last date of submitting the application for mains examination. A Candidate who fails to produce the proof of passing the Bachelor's degree Examination shall not be eligible for admission to Mains Examination.

(2) Possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967;

(3) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

**Pay Scale** :-

**Rs.49,600/- (Fix Pay) for 5 years. Rs.39,900-1,26,600/- Pay matrix level No.7 (According to 7th Pay Commission)** after completion of the satisfactory service of 5 years.

**Age** :-

A candidate must have attained the age of 20 years and not be more than 35 years of age as on Dt.17/10/2025. Age will be calculated as on the last date of receipt of application.

Upper age limit shall be relaxed as under :-

| | | |
|---|---|---|
| 1. | Candidates of E.W.S., S.E.B.C., S.C. & S.T. Category of Gujarat Origin | 05 years (subject to maximum 45 years ) |
| 2. | Women Candidates of E.W.S., S.E.B.C., S.C. & S.T. Category of Gujarat Origin | 10 years (including 5 years relaxation of reservation for female candidates)(subject to maximum 45 years) |
| 3. | General Category Women Candidates | 05 years (subject to maximum 45 years ) |
| 4. | Ex Serviceman, including E.C.O. / S.S.C.O. | "For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit" |
| 5. | Persons with Disabilities | 10 years (subject to maximum 45 years ) |
| 6. | Government employee of the state Government | No relaxation in upper age will be available to Government Servant |

**Note** :- For interpretation of any clause of this advertisement and for recruitment process the Recruitment Rules and Examination Rules of the post shall be final.

**Sd/–**
**(Nasim Modan)**
**Joint Secretary**
**Gujarat Public Service Commission**

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

### ૧. નાગરિકત્વ :-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઈએ, અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઈથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ) અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

**નોંધ :-** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨. અરજીપત્રક :-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જિસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જિસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઈ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઈ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઈ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઈ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઈટ https://gpsc-iass.gujarat. gov.in પર ઓન લાઈન અપલોડ કરવાના રહેશે.

### ૩. જન્મ તારીખ :-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ

એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ………….. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇ પણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.

## ૪. વયમર્યાદા :–

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫. શૈક્ષણિક લાયકાત :–

(૧) જેના ભરતી નિયમોમાં તેની શૈક્ષણિક લાયકાતની પાત્રતા તારીખ અંગે કોઈ ઉલ્લેખ ન હોય તેવી માત્ર અનુભવ વગરની સીધી ભરતી માટે ભરતી નિયમોમાં માંગેલ શૈક્ષણિક લાયકાત પ્રાથમિક પરીક્ષા બાદ પ્રથમ અરજી ચકાસણી યાદી બહાર પડે તે તારીખે સંબંધિત શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧)(ક)અનુભવ વાળી સીધી ભરતીની તથા સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે જો ભરતી નિયમોમાં/પરીક્ષા નિયમોમાં અન્યથા કોઈ ઉલ્લેખ ન હોય તો ઉમેદવાર સંબંધિત શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**૬. અનુભવ :–**

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨)(ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ– અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમૂના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહીં, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર/વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research Fellow તથા Junior Research Fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહીં.

(૬) અનુભવ જરૂરી હોય તેવી આયોગની તમામ જાહેરાતોની પ્રાથમિક કસોટી બાદ અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ખાનગી ક્ષેત્ર (સરકાર તથા બોર્ડ, નિગમ, કોર્પોરેશન સિવાયની સંસ્થાઓ કે જ્યાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિયત થયેલ અનુભવનું પ્રમાણપત્ર લાગુ પડતું નથી)નો અનુભવ ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની જોગવાઈઓ મુજબ અનુભવના નિયત પ્રમાણપત્ર સાથે લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો સાથે ભરતી નિયમો મુજબ માંગેલ અનુભવના પ્રમાણપત્રની ખરાઇ માટે અનુભવના સમયગાળા દરમિયાનનું Salary Account નું Bank Statement અને ફોર્મ–૧૬ (ભાગ–A અને B) અથવા Income Tax Return (ITR) આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

જો ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થયેલ ન હોવાના કારણે જો આવા ઉમેદવારો ફોર્મ–૧૬ (ભાગ–A અને B) અથવા Income Tax Return (ITR) રજૂ ન કરી શકે તો તેવા કિસ્સામાં ચાલુ નાણાકીય વર્ષ માટે ઉમેદવારના Salary Account ના Bank Statement ની વિગતોને આધારે અનુભવના પ્રમાણપત્રની ખરાઈ કરવાની રહેશે.

**૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :–**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાની રહેશે.

**અગત્યની નોંધ :–**

(૧) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન–ક્રિમિલેયર પ્રમાણપત્ર (NCLC)/આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના પ્રમાણપત્રો પ્રાથમિક કસોટી બાદ "અરજી ચકાસણી માટે પાત્ર ઉમેદવારોની પ્રથમ યાદી"પ્રસિદ્ધ થાય ત્યારે આ

પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમા ઈશ્યુ કરાયેલ હોવા જોઈશે તથા માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે."

(૨) સ્પર્ધાત્મક ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર (NCLC)/આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના પ્રમાણપત્રો મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ પ્રમાણપત્રો માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે અરજીપત્રક ભર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામા આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે."

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહીં થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)(અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્ર. સશપ/૧૨૨૦૧૫/૪૬૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિદ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવા જોઇશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવા જોઇશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.

(૬)(ક) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈ પણ માપદંડમાં આ અવધિ દરમિયાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહીં કરીને કોઈ પણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈ પણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્ર. ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્ર. ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ સંદર્ભે ગુજરાત સરકારના EWS ના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificate ને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં. આ નિયત નમૂનાનું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિદ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવા જોઇશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવા જોઇશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વર્ગનું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિદ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવા જોઇશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવા જોઇશે.

(૧૦) જો કોઈ અનામત વર્ગના ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહીં હોય તો તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઈ પણ પ્રકારની છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિન અનામત કક્ષાના મેરિટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે તે ઉમેદવારને બિન અનામત વર્ગનો ગણવામાં આવશે. પરંતુ કોઈ પણ ઉમેદવાર જો બિન અનામત વર્ગમાં અરજી કરશે તો ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે તેઓની કેટેગરી બદલી આપવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામા આવશે નહીં.

## ૮. માજી સૈનિક :–

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ ના ઠરાવ ક્ર. GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમિયાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઑર્ડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડિંગ ઑફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્ર. આરઈએસ–૧૦૮૫૩૪૩૩–ગ.૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯. દિવ્યાંગ ઉમેદવારો :–

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,
(૨) બધિર અને ઓછું સાંભળનાર,
(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,
(૪) સ્વલીનતા(Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,
(૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્ર. GAD/PHA/e-file/1/2023/8017/ G2-Section ની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૦૧/૧૨/૨૦૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦. મહિલા ઉમેદવાર :–

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧. વિધવા ઉમેદવાર :–

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણૂક સમયે પુન: લગ્ન કરેલ ન હોય.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨. ના વાંધા પ્રમાણપત્ર :–

(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/ કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઇ પણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self–Government Institutions), સહકારી સંસ્થાઓ (Co–Operative Institutions/Bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee)ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાનું રહેશે.

## ૧૩. ગેરલાયક ઉમેદવાર :–

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :–

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫. રજિસ્ટ્રેશન : –

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજિસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજિસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬. અગત્યની જોગવાઇઓ :–

### (અ) સીધી પસંદગીથી ભરતી :

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહીં તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(બ) <u>સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી</u> :**

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

**૧૭. <u>રૂબરૂ મુલાકાત</u> :–**

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજિયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને/અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજિયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા–પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી.નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે તથા આ પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ–૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

**૧૮. <u>નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)</u> :–**

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઈલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ દિવ્યાંગતા પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય.

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમૂના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

**૧૯. <u>નિમણૂક</u> :–**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇ પણ તબક્કે અયોગ્ય માલૂમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખૂબ જ ચોકસાઈથી પૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજૂ કરવા.

## ૨૦. ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :–

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇ પણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહીં, ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇ પણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં,જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇ પણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઇન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છૂપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇ પણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇ પણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇ પણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ઈલેકટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરીતિઓ પૈકી કોઇ પણ ગેરરીતિ આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇ પણ પ્રકારની શારીરિક ઇજા પહોંચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇ પણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને/અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇ પણ પરીક્ષા કે કોઇ પણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદ્દત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇ પણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇ પણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/સરકાર દ્વારા ઉમેદવારને/કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું–હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

**સહી/–**
(નસીમ મોદન)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# -: ઓનલાઈન અરજી કરવાની પદ્ધતિ :-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૦૩/૧૦/૨૦૨૫(બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૧૭/૧૦/૨૦૨૫(રાત્રિના ૧૧:૫૯ કલાક) સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઈન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ :–**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર Application ને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર Click કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં Click કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર Click કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગીવાળી જાહેરાતની સામેના "Apply" બટન પર Click કરતાં જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાંચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર Click કરતાં, તેઓને રજિસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર Click કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજિસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર Click કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર Click કરવું https://gpsc.gujarat.gov. in/Documents/ Advertisment Document/2019-7-15_694.pdf) Application Format માં સૌપ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)"માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મતારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈ પણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > '( ) & + – ; ! > , . – * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ–મેલ આઈ.ડી.ની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)"ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળમાંથી પરીક્ષા આપવા માટે ડિ–બાર્ડ થયેલ છો કે કેમ ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)"માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Format માં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)"માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા–ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) “Upload Signature (સહી અપલોડ કરો)” ભરાયા બાદ “Education Details (શૈક્ષણિક લાયકાત)”માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં “શૂન્ય” ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં “NA” Select કરવાનું રહેશે.

(૯) “Education Details (શૈક્ષણિક લાયકાત)” ભરાયા બાદ “Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)”માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં “શૂન્ય” ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં “NA” Select કરવાનું રહેશે. (લાગુ પડતું હોય તો)

(૧૦) “Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)” ભરાયા બાદ “Experience Details (અનુભવની માહિતી)”માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શવવાનાં બદલે એક જ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગુ પડતું હોય તો)

(૧૧) “Experience Details (અનુભવની માહિતી)” ભરાયા બાદ Additional Information(વધારાની માહિતી)માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગુ પડતું હોય તો)

(૧૨) તેની નીચે “Assurance/ Self-Declaration (બાહેંધરી)” તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર “Click” કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઈ સુધારા–વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહીં પરંતુ, “Edit” વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈ પણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને/અથવા ઈ–મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઈલ નંબર તથા ઈ–મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોધ :–**

**One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહીં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજિયાતપણે કરવાની રહે છે જેમાં ચૂક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.**

❖ **અરજી ફી ભરવાની પદ્ધતિ :–**

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેના બે વિકલ્પો પૈકી કોઈ પણ રીતે ભરી શકે છે :

**૧. પોસ્ટ ઑફિસમાં** : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે “Print Challan” ઉપર Click કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઑફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઑફિસમાં રૂ.૧૦૦/– આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા.૧૮/૧૦/૨૦૨૫ સુધીમાં ભરવાના રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા Confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે “Print Challan” પર Click કરવું અને વિગતો ભરવી અને ત્યાં “Online Payment of Fee” ઉપર Click કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું Screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની Print કાઢી લેવી. જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે “CHECK YOUR PAYMNET STATUS” પર Click કરીને Transactionની સ્થિતિ જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીના ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્રમાંક–૨ મુજબ) પદ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈ પણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા/મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઑફિસ/ઓનલાઈન પદ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટ ઑફિસ/ઓનલાઈન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું :

એરફોર્સ કચેરીની સામે, છ–૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/– રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, Confirmation Number અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/– ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પદ્ધતિથી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર Click કરીને સ્થિતિ જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found"નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમિયાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, Confirmation Number અને અરજી ક્રમની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું : એરફોર્સ કચેરીની સામે, છ–૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/– રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પૂરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પુરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહીં અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં.

## -:પ્રાથમિક કસોટીમાં હાજર રહેવા સંમતિ (CONSENT) આપવા તથા CONSENT DEPOSIT ભરવા બાબત:-

**૧.** પ્રસ્તુત જાહેરાત માટે આયોગ દ્વારા નક્કી થયેથી પ્રાથમિક કસોટીમાં નોંધાયેલ ઉમેદવારો પાસેથી **"CONSENT FORM"** મેળવવાનું તથા **CONSENT FORM** સાથે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ **"CONSENT DEPOSIT"** લેવામાં આવશે.

| ક્રમ | વર્ગ | CONSENT DEPOSIT |
|---|---|---|
| ૧ | બિન અનામત વર્ગના ઉમેદવારો (મહિલા સિવાય) | ૩.૫૦૦/- |
| ૨ | અનામત વર્ગના ઉમેદવારો (એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને આર્થિક રીતે નબળા વર્ગ), તમામ કેટેગરીના મહિલા ઉમેદવાર, દિવ્યાંગ ઉમેદવાર અને માજી સૈનિક. | ૩.૪૦૦/- |

**૩. CONSENT DEPOSIT ભરવાની પદ્ધતિ :**

આ અંગેનું CONSENT FORM https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જે માટે ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ ઉપરના HOME PAGE પર "OTHER APPLICATION" MENU માં જઈ CONSENT FORM પર Click કરો. ત્યારબાદ પોતાનો "CONFIRMATION NUMBER" અને "BIRTH DATE" તથા CAPTCHA ની વિગતો નાખીને "Ok" Button પર Click કરી CONSENT DEPOSIT અને CONSENT FORM ભરી શકાશે.

**૪. CONSENT DEPOSIT ભરવાનું માધ્યમ :**

ઉમેદવાર આ CONSENT DEPOSIT માત્ર UPI, ડેબિટ કાર્ડ્સ, ક્રેડિટ કાર્ડ્સ, નેટ બેન્કિંગ દ્વારા ભરી શકે છે.

**૫.** CONSENT FORM સબમિટ કરવાની અને CONSENT DEPOSIT જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય બાદ લિંક ઉપલબ્ધ રહેશે નહીં. **એકવાર લિંક બંધ થઈ જાય પછી CONSENT FORM અને CONSENT DEPOSIT (લેટ ફી/રોકડ રકમ વગેરે સહિત) સ્વીકારવામાં આવશે નહીં. તકનીકી અથવા અન્ય સમસ્યાને ટાળવા માટે ઉમેદવારોને છેલ્લી તારીખ અને સમયની રાહ ન જોવાની સલાહ આપવામાં આવે છે.**

**૬. રિફંડ ચુકવણી :**

જે મૂળ સ્ત્રોત(Payment Source)માંથી CONSENT DEPOSIT ભરવામાં આવી છે તે મૂળ સ્ત્રોત (Payment Source)માં જ રિફંડ ચૂકવવામાં આવશે. જો જ્યાંથી આ CONSENT DEPOSIT ભરવામાં આવી છે ત્યાંથી ચુકવણીનો મૂળ સ્ત્રોત (Payment Source) બંધ/નિષ્ક્રિય/ડોરમંટ વગેરે હોય, તો રિફંડ થઈ શકશે નહીં અને આ માટે GPSC જવાબદાર રહેશે નહીં. આમ, ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ CONSENT DEPOSIT ચુકવણી માટે સક્રિય પેમેન્ટ મોડનો ઉપયોગ કરે અને CONSENT DEPOSIT ની રકમ ચૂકવવા માટે તેમના પોતાના પેમેન્ટ મોડનો ઉપયોગ કરે.

**૭. પરીક્ષામાં હાજર રહેનાર ઉમેદવારોને CONSENT DEPOSIT પરત કરવામાં આવશે. ગેરહાજર રહેનાર ઉમેદવારની CONSENT DEPOSIT પરત કરવામાં આવશે નહીં.**

**૮.** CONSENT DEPOSIT તથા CONSENT FORM ભર્યા અંગેની એક કોમન E-Receipt જનરેટ થશે, જેની Print કાઢી લેવી. આ E-Receipt આયોગ દ્વારા માંગ્યેથી રજૂ કરવાની રહેશે.

**૯. જે ઉમેદવારો નિયત સમયમાં આ CONSENT FORM તથા CONSENT DEPOSIT નહીં ભરે તેવા ઉમેદવારોની પ્રસ્તુત જાહેરાતમાં કરેલી ઓનલાઇન અરજી રદ થશે અને આવા ઉમેદવારો કોલલેટર પણ ડાઉનલોડ કરી શકશે નહીં અને પરીક્ષામાં બેસી શકશે નહીં. આ અંગેની કોઈ પણ રજૂઆતો પાછળથી આયોગ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.**

**૧૦.** એક ઉમેદવાર પોતે એક જ CONSENT FORM અને CONSENT DEPOSIT ભરી શકશે. જો કોઇ ઉમેદવારે પ્રસ્તુત જાહેરાત અન્વયે બે ઓનલાઈન અરજી કરેલ હશે અને બે કન્ફર્મેશન નંબર મેળવેલ હોય તો પણ તેવા ઉમેદવારે કોઇ પણ એક કન્ફર્મેશન નંબર ઉપરથી ઉપર મુજબનું એક જ CONSENT FORM અને CONSENT DEPOSIT ભરવાની રહેશે.

**૧૧.** પ્રસ્તુત જાહેરાત અન્વયે જો કોઇ ઉમેદવાર દ્વારા અલગ અલગ કન્ફર્મેશન નંબરના અલગ અલગ CONSENT FORM અને CONSENT DEPOSIT ઉમેદવાર દ્વારા ભરેલ હોવાનું જણાઇ આવશે તો તેવા ઉમેદવારને ગુજરાત રાજ્યની તમામ ભરતી સંસ્થાઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગેરલાયક ઠેરવવાની કાર્યવાહી કરવામાં આવશે.

**૧૨.** પ્રસ્તુત જાહેરાતની ઉપર્યુક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ યોજાનાર પ્રાથમિક પરીક્ષા આપવા માટેના CONSENT FORM તથા CONSENT DEPOSIT માત્ર ઓનલાઈન https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જ ભરી શકાશે. અન્ય કોઈ પણ માધ્યમથી CONSENT FORM તથા CONSENT DEPOSIT આયોગ દ્વારા સ્વીકારવામાં આવશે નહીં.

**૧૩.** ઉમેદવારોએ અલગ-અલગ જાહેરાતો માટે અલગ-અલગ CONSENT FORM ભરી CONSENT DEPOSIT ભરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

**સહી/-**
**(નસીમ મોદન)**
**સંયુક્ત સચિવ**
**ગુજરાત જાહેર સેવા આયોગ**